# હરિયાળા વૃક્ષોનુ નિકંદન વળતુ અટકાવવા માટે મુખ્યમંત્રીને આવેદનપત્ર

**ચિલોડા સરખેજ હાઇવે પર માર્ગની કામગીરી દરમિયાન હજારો વૃક્ષોની કટોતી થતા પ્રકૃતિ પ્રેમીઓ આગ બબુલા**

ગાંધીનગર તા ૨૨

ચિલોડા સરખેજ હાઈવેને અપગ્રેડ કરવા માટે કામગીરી ચાલી રહી છે. જયારે આ માર્ગ પર સેંકડો વૃક્ષોની કટોતી થતા પ્રકૃતિ પ્રેમીઓમાં પણ પ્રબળ રોષ પ્રવર્તયો છે. આ મામલે પર્યાવરણ પ્રેમીઓ દ્વારા કેન્ડલ માર્ચ કરીને વિરોધ પ્રદર્શન સહીતના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા. પ્રદુષણ ભગાવો પર્યાવરણ બચાવોના અભિગમ સાથે શહેર વસાહત મહામંડળે આ મામલે મુખ્યમંત્રીને આવેદનપત્ર સુપ્રત કરી વૃક્ષોની કટોતી અટકાવવા માટે રજુઆત કરી હતી.

ગાંધીનગરમાં ચ-૦ થી સરખેજ માર્ગ પર માર્ગની કામગીરીના લીધે હજારો વૃક્ષોનુ નિકંદન વળી રહ્યુ છે. હરિયાળા વૃક્ષોની કટોતી કરવામાં આવી રહી છે. જેના લીધે પ્રકૃતિપ્રેમીઓમાં પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. જયારે આ વૃક્ષોની કટોતી થતી અટકાવવા માટે શહેર વસાહત મહામંડળ દ્વારા આજે મુખ્યમંત્રીને આવેદનપત્ર એનાયત કરવામાં આવ્યુ હતુ. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે જણાંવ્યા મુજબ ગાંધીનગર અમદાવાદમાં પ્રદુષિત થતા વાતાવરણને અનુલક્ષીને મહામંડળ દ્વારા કેન્ડલ માર્ચ કરવામાં આવી હતી. ગાંધીનગર તેમજ ઉત્તર ગુજરાત સહીતના વિસ્તારમાં લાખો વૃક્ષોને બચાવવા અનો વૃક્ષછેદનના કાયદાનો અમલ કરવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે. વૃક્ષાની કટોતીના લીધે હરિયાળીમાં આશરો લેતા પક્ષીઓનુ ઘર છીનવાયુ છે. ગાંધીનગર ચિલોડા સરખેજ હાઈવે પર મોટી સંખ્યામાં વૃક્ષોની કટોતી થઈ રહી છે. જેનો અટકાવવા માટે પણ મહામંડળ દ્વારા રજુઆત કરવામાં આવી છે.

# ગુરૂનાનક દેવજીના ૫૫૦માં પ્રકાશ પર્વ નિમિત્તે ઉજવણી

ગાંધીનગર, તા. ૨૨

ગુરૂનાનક દેવજીના ૫૫૦માં પ્રકાશ પર્વ નિમિત્તે તા. ૨૩ ફેબ્રુઆરી અને ૨૪ ફેબ્રુઆરીના રોજ જીએમડીસી ગ્રાઉન્ડ અમદાવાદ ખાતે વિવિધ કાર્યક્રમનું આયોજન સંત બાબા લખાસિંઘજીના માર્ગદર્શન હેઠળ ગુરૂનાનક દેવજી પ્રકાશ પૂરબ સમિતિ દ્વારા ઉજવણી કરવામાં આવશે. કાર્યક્રમમાં સંયોજક તરીકે પરમજીતકૌર છાબડા, શીખ સમાજના પ્રખર કીર્તનકારો તેમજ કથાકારો અમૃતસરથી આવશે તથા ગુજરાત રાજ્યના વિવિધ મંત્રીઓ, શિરોમણી ગુરૂદ્વારા પ્રબન્ધક કમિટી, અમૃતસરના હોદ્દેદારો અને ગુજરાતના વિવિધ શહેરોમાંથી આશરે બે લાખ જેટલા શીખ સમાજ અને ગુરૂનાનક નામ લેવા સમાજના લોકો ભાગ લેશે.

ગુજરાત સરકાર દ્વારા શીખ સમાજ અને ગુરૂનાનક નામ લેવા સમાજના સહયોગથી યોજાનાર ગુરૂનાનક દેવજીના ૫૫૦માં પ્રકાશ પર્વ નિમિત્તે ૨ દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ કીર્તન શોભાયાત્રા થલતેજ ગુરૂદ્વારા ગોવિંદધામથી બપોરે ૨ વાગ્યાથી નીકળી સાંજે ૬ વાગ્યે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પધારશે. ત્યારબાદ ગુરૂનાનક દેવજીની ઝાંકીઓ, પંજાબથી આવેલ મ્યુઝિક બેન્ડ દ્વારા પ્રોગ્રામ તથા ગતકા શીખ માર્સલ આર્ટ તેમજ વિવિધ કાર્યક્રમો યોજાશે. તા. ૨૪ ફેબ્રુઆરીના રોજ સવારે પાંચ કલાકેથી રાત્રીના નવ વાગ્યા સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં અમૃતસર સુવર્ણ મંદિરથી આવેલ કીર્તનકાર-કથાકાર ભાગ લેશે તથા સર્વધર્મ સભા યોજાશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાંજે કાર્યક્રમમાં હાજરી આપી સમાજને સંબોધશે. દિગ્દર્શક કેવલ ધાલીવાલ દ્વારા દિગ્દર્શિત 'ગગન મૈ થાલ'' પ્લે ભજવાશે.

સમાજ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ જેમાં ૫૫૦ બોટલ લોહી ભેગુ કરવાનો લક્ષ્ય રખાયેલ છે તથા મફત આંખના ચેક-અપ માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુજરાત સરકાર, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન, કલેક્ટર ઓફિસ, ગુજરાત ટુરિઝમ, પોલીસ વિભાગ વિશેષ જહેમત ઉઠાવી રહ્યા છે.



રાષ્ટ્રીયકક્ષાના ''બટાટા દિવસ-૨૦૧૯''ની ઉજવણી રાષ્ટ્રીય બટાટા સંશોધન કેન્દ્ર સીમલા હસ્તકના ક્ષેત્રીય સંશોધન કેન્દ્ર-મોદીપુરમ,જી. મેરઠ, રાજ્ય ઉત્તરપ્રદેશ ખાતે કરવામાં આવી. જેમાં ગુજરાત રાજ્યના બાગાયત ખાતા, ગાંધીનગર તરફથી નામાંકિત થયેલ બે પ્રગતીશીલ ખેડૂત એવા શાંતીભાઈ લાલજીભાઈ પટેલ રહે. શીવપુરા કંપા, તા. જી. ગાંધીનગર અને પરથીભાઈ જેઠાભાઈ ચૌધરી રહે. ડાંગીયા, તા. દાંતીવાડા, જી. બનાસકાંઠાને તેઓને બટાટાની ખેતીમા મેળવેલ વિશેષ સિદ્ધિઓના કારણે રાષ્ટ્રીયકક્ષાના ''આલુ ગૌરવ'' પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા. શાંતીભાઈ લાલજીભાઈ પટેલ રહે. શીવપુરા કંપા,તા. જી. ગાંધીનગર ટીસ્યુ કલ્ચર પદ્ધતિથી તૈયાર થયેલ બટાટાના બિયારણના ઉત્પાદન સાથે સંકળાયેલ છે. તેમજ પરથીભાઈ જેઠાભાઈ ચૌધરી રહે. ડાંગીયા, તા. દાંતીવાડા, જી. બનાસકાંઠાએ પ્રતિ હેક્ટર બટાટાનું સૌથી વધુ ઉત્પાદન મેળવવાની સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે.

# કોન્સ્ટેબલો માટે પણ હવે ૩ રૂમ-રસોડાના મકાન બનશે

**પોલીસ પરિવારો માટે રાજ્ય સરકારનો નિર્ણય : પોલીસ આવાસ નિગમ લિમિટેડ દ્વારા ૭૮૪ કરોડના ખર્ચે અદ્યતન ડિઝાઇન કરી ચાર હજારથી વધુ મકાનો બનાવાશે**

ગાંધીનગર,તા.૨૨

રાજ્ય સરકારે પોલીસ કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને સુવિધાસભર રહેણાંક આવાસ મળી રહે તે હેતુસર વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પોલીસ કોન્સ્ટેબલથી માંડીને પીએસઆઈ કક્ષાના પોલીસ કર્મચારીઓના મળવા પાત્ર આવાસનાં ક્ષેત્રફળમાં વધારો કરીને પોલીસ પરિવાર માટે વધુ મોકળાશ વાળા અદ્યતન ડિઝાઈન સાથેના આવસ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને એ.એસ.આઈને પણ ત્રણ રૂમ રસોડાનું સુવિધાયુક્ત મકાન ફાળવવામાં આવશે. રાજ્ય સરકારનો આ નિર્ણય પોલીસ કર્મચારીઓને માનસિક સંતોષની લાગણી સાથે નિષ્ઠાપૂર્વક કામગીરી માટે યોગ્ય વાતાવરણ પૂરૂ પાડશે. રાજ્ય સરકારની સંપૂર્ણ માલિકી ધરાવતા જાહેર એકમ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડ દ્વારા રૂ.૭૮૪ કરોડના ખર્ચે નવી અદ્યતન ડિઝાઈન તૈયાર કરી અલગ-અલગ જિલ્લાઓમાં ૪૦૧૨ મકાનોના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હોવાનું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડના સિનિયર મેનેજર દ્વારા જણાવવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા પોલીસ, જેલ, હોમગાર્ડ તથા ન્યાય સહાયક વિજ્ઞાન વિભાગના રહેણાંક તથા બિન રહેણાંકના મકાનો બાંધવાની કામગીરી કરવામાં આવે છે. સારી સુવિધાઓ અને સગવડો ધરાવતા મકાનો માનસિક સંતોષની સ્થિતિ ઉત્પન્ન કરે છે અને નિષ્ઠાપૂર્વક સારી કામગીરી કરવા માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડે છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે નોકરીના કલાકો પર નજર નાંખ્યા વગર ખંતપૂર્વક ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેકટરના મકાનો માટે અગાઉ નિયત ધારાધોરણ મુજબ કક્ષા-'બી'ના મકાનો માટે વસવાટ લાયક બાંધકામનું ક્ષેત્રફળ ૪૧.૮૫ ચો.મી. આપવામાં આવતું હતું. જેમાં બે રૂમ રસોડાનો સમાવેશ થતો હતો. આ જ રીતે પોલીસ સબ ઈન્સ્પેકટરનાં મકાનોમાં એટેચ ટોયલેટ સહિતના એક બેડરૂમ સાથે ત્રણ રૂમ રસોડાના મકાન માટે ૫૫.૪૬ ચો.મી. વસવાટલાયક ક્ષેત્રફળ મુજબ બાંધકામ કરવાનું થતું હતું. પોલીસ કર્મીઓના કુટુંબીજનોને પાયાની યોગ્ય સુવિધાઓ અને જરૂરી સગવડો સાથે મોકળાશ મળી રહે તથા પ્રાઈવસી જળવાઈ રહે તે અંગે પૂરતું ધ્યાન રાખવાનો રાજ્ય સરકારનો અભિગમ રહ્યો છે.



**વિધાનસભા ખાતે ઈન્દુલાલ યાજ્ઞિકની જન્મ જયંતીએ પુષ્પાંજલિ અર્પણ કરાઈ**

મહાગુજરાત અને પ્રજાકીય આંદોલનના પ્રણેતા ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિકની તા. ૨૨મી ફેબ્રુઆરીના રોજ ૧૨૮મી જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના ભવ્ય તૈલચિત્રને વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તેમજ વિપક્ષના દંડક શૈલેષભાઈ પરમાર દ્વારા ભાવસભર પુષ્પાંજલિ આપવામાં આવી હતી. ઈન્દુચાચાના હુલામણા નામથી ઓળખાતા અને પત્રકાર તરીકે કારકિર્દીનો પ્રારંભ કરનાર ઈન્દુલાલ યાજ્ઞિકના જન્મદિવસના આ પ્રસંગે મંત્રીમંડળના સર્વે મંત્રીઓ, વિધાનસભાના સર્વે ધારાસભ્યો, વિધાનસભાના સચિવ, અધિકારીઓ, સ્ટુડન્ટ પોલીસ કેડેટ તેમજ માણેકબા પ્રાથમિક શાળા, અડાલજના વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને તેમના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યા હતા.

# એસ.ટી. હડતાલ સામે વૈકલ્પિક વ્યવસ્થાની સુવિધા

**જિલ્લા તંત્ર સાથે સંકલન કરી રાજ્યના ૧૭૭ રૂટો પર ૧૦૦૨ ખાનગી બસોની વૈકલ્પિક સુવિધા**

ગાંધીનગર, તા.૨૨

પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને રાજ્યમાં સુચારુરૂપે વાહનવ્યવહાર પૂર્વવત બને અને જાહેર જનતાને પરિવહન સેવાઓ સુલભ બને તે માટે વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી દ્વારા સ્તુત્ય પ્રયાસો કરવામાં આવ્યા છે. તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ રાજ્યના તમામ આરટીઓએ ખાનગી બસ ઓપરેટરો સહયોગ મેળવી અને વાહનવ્યવહાર સંબંધિત સેવાઓ જાળવી રાખી હતી.

તમામ જિલ્લા કલેકટરશ્રીઓના સંકલન અને સહયોગ દ્વારા રાજ્યના તમામ આરટીઓશ્રીએ ખાનગી બસ ઓપરેટર્સ દ્વારા પરિવહન સંચાલન કરી અને ખાનગી બસ ઓપરેટર્સ દ્વારા હડતાલના સમય દરમિયાન કોઈ વધારાનું ભાડું મુસાફરો મારફત વસૂલ ન કરે તે અંગે પણ સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. જાહેર પરિવહનની આવી વૈકલ્પિક વ્યવસ્થા દરમિયાન કોઈપણ અસામાજિક તત્વો દ્વારા ખાનગી પરિવહન વિરુદ્ધ કોઈ અનિચ્છનીય કામગીરી ન થાય અથવા કોઈ બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસ તંત્રનો તેમજ ખાનગી ટૂર ઓપરેટર્સ નો પણ રચનાત્મક સહયોગ મળી રહ્યો છે.

વધુમાં તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ કલેકટર કચેરી અમદાવાદ ખાતે વાહન વ્યવહાર કમિશનર શ્રી વી.પી પટેલના અધ્યક્ષ સ્થાને કલેકટરશ્રી, પોલીસ ખાતાના અધિકારીશ્રીઓ અને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના અધિકારીશ્રીઓ સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર રાજ્યમાં વૈકલ્પિક પરિવહન સેવાના ભાગરૂપે રાજ્યના ૧૭૭ રૂટ પર ૧૦૦૨ બસોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે તેવી માહિતી આપવામાં આવી હતી.



**શ્રી વરદાયિની હાઈસ્કૂલ રૂપાલમાં વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી**

શ્રી વરદાયિની હાઈસ્કૂલ રૂપાલમાં વિશ્વ માતૃભાષાદિન ઉજવણી કરી સાથે માતૃ-પિતૃ વંદના શહીદ શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ થયો. માતૃભાષા માતા-પિતા તથા ધરતીમાતાના સપૂત શહીદવંદનાનો ત્રિવેણી સંગમ ઉભો થયો. આ પ્રસંગે મુખ્ય મહેમાન હર્ષદભાઈ શાહ (પૂર્વ કુલપતિ) તથા જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરતભાઈ વિઢેર તેમજ ઈઆઈ ભરતભાઈ ગઢવી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યુ હતુ. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ વાલીઓ ઉપસ્થિત રહ્યા. અંતમાં પુસ્તક પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય ડૉ. પી.આર. ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યુ તથા કાર્યક્રમનું સફળ સંચાલન અશ્વિનભાઈ પટેલે કર્યુ હતુ.

## મગોડી મોન્ટે કાર્લો શિક્ષણ સંકુલ ખાતે ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થી શુભેચ્છા સમારોહ યોજાયો

ચિલોડા, તા. ૨૧

ગાંધીનગર તાલુકાની મગોડી સ્થિત મોન્ટે કાર્લો શિક્ષણ સંકુલ ખાતે પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં અભ્યાસ કરતા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ યોજાયો હતો. આ સમારોહમાં ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓ પરીક્ષામાં ખૂબ સારી રીતે સફળ થાય તે માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી. બાળકોને પ્રોત્સાહીત કરવા માટે નટુભાઈ પટેલ, ડૉ. રમેશભાઈ ચૌધરી, ભરતભાઈ પટેલ તથા કેળવણી મંડળના પ્રમુખ નવનીતલાલ પટેલ, શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ધો. ૧૦ અને ધો. ૧૨ના તમામ વિદ્યાર્થીઓ ભોજન લઈ શાળાના સંભારણા વાગોળતા છૂટા પડ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજુભાઈ જોષીએ સંભાળ્યુ હતુ.

# ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા સુધાર બિલ પસાર

**સંવેદનશીલ સરકારનો પશુ કલ્યાણ માટે નિર્ણય : ગૌશાળા પાંજરાપોળ જેવી સંસ્થાઓને જમીન ટોચ મર્યાદા કાયદામાંથી મુક્તિ મળશે**

અમદાવાદ,તા.૨૨

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે ગૌમાતાની સેવા કરતી ગૌશાળા અને પાંજરાપોળ જેવી સંસ્થાઓને જમીન ટોચ મર્યાદા કાયદામાંથી મુકતી આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આજે વિધાનસભા ખાતે ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા સુધારા વિધેયક રજૂ કરતા નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ હતુ કે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વવાળી સરકારે પશુ કલ્યાણ માટે આ મહત્વનો નિર્ણય કર્યો છે. ભૂતકાળમાં પણ આવી જમીન માટે થયેલી અપીલો પણ આપોઆપ રદ થશે અને વધુ જમીનો રાખવાની મંજૂરી આ સુધારાથી મળી શકશે. પટેલે ઉમેર્યુ કે ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ ૧૯૬૦ અન્ય હેતુઓ પૈકી સાર્વજનિક ગીત શ્રેષ્ઠ રીતે સાધી શકાય તે માટે રાજ્યમાં અમુક મર્યાદાથી વધુ ખેતીની જમીન રાખવા પર નિયંત્રણ લગાવેલ છે. આ અધિનિયમ અંતર્ગત પાંજરાપોળ ગૌશાળાના નિભાવ માટે ઉપયોગમાં લેવા જમીનો જેને ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ હેઠળ સાર્વજનિક ટ્રસ્ટ તરીકે નોંધણી થયેલી જાહેર ધાર્મિક સંસ્થાની મિલકત હોવાને કારણે અથવા નિર્દિષ્ટ તારીખથી એક વર્ષની મુદતની અંદર અધિનિયમ હેઠળ એવા સાર્વજનિક ટ્રસ્ટ તરીકે નોંધણી કરી હોય તો નિર્દિષ્ટ તારીખની તરત જ પહેલા આ અધિનિયમની જોગવાઈઓ માંથી માફી આપવામાં આવી હતી. આમ છતાં પશુ કલ્યાણ માટે કામ કરતા કેટલાક ટ્રસ્ટો જે નિયત સમયમાં નોંધાયેલા ન હોય તેને નિયત કલમ હેઠળ માફી આપવામાં આવતી નથી. આવી સંસ્થાઓ માટે અલગ સાર્વજનિક ટ્રસ્ટ ની નોંધણી માટેની મુદતમાંથી મુક્તિ માટે આ સુધારા કરાયા છે. પટેલે કહ્યુ કે, આ માટે કોઈ જમીન રાજ્ય સરકારે ગૌશાળા કે પાંજરાપોળોને આપવાની નથી પરંતુ જે ગૌશાળાઓ એ જમીન ખરીદી હોય અને જમીન ટોચ મર્યાદા નીચે આવી ગઈ હોય તેને માત્ર નિયમિત્ત જ કરવાની છે અને નવી જમીન ખરીદે તો એને મંજૂરી આપવાની છે.

# રાજ્યમાં એસટીની હડતાળ બીજા દિવસેય પણ યથાવત્

**બીજા દિવસે લાખો મુસાફરો હાલાકી વેઠવા મજબૂર : સરકારની એસટી કર્મીઓને ફરજ પર હાજર થવા નોટિસ હાજર ન થાય તો સસ્પેન્સનની ચિમકી : ખાનગી સેવા શરૂ**



અમદાવાદ,તા.૨૨

સાતમા પગાર પંચનો લાભ સહિતની પડતર માંગણીઓને લઈ એસટી કર્મચારીઓની હડતાલ આજે સતત બીજા દિવસે પણ યથાવત્ રહી હતી, જેના કારણે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં લાખો મુસાફરોને જોરદાર હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જો કે, રાજય સરકાર એસટી કર્મચારીઓએ હડતાળ પાડી નિર્દોષ પ્રજાજનોને બાનમાં લેવાના વલણની ગંભીર નોંધ લઈ આકરું વલણ અપનાવ્યું છે અને સરકાર તરફથી હવે એસટી કર્મચારીઓને એક તાકીદની નોટિસ ફટકારવામાં આવી છે, જેમાં તેઓને ફરજ પર હાજર થવા સ્પષ્ટ નિર્દેશો અપાયા છે અને જો ફરજ પર હાજર નહી થાય તો તેઓને સસ્પેન્ડ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. જો કે, એસટી કર્મચારી યુનિયન તરફથી સરકાર તરફથી અપાયેલી નોટિસને ફગાવી દેવાઈ હતી. બીજીબાજુ, સરકારે એસટી કર્મચારીઓની હડતાળને પગલે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે લોકોની ઈમરજન્સી ટ્રાન્સપોર્ટ સેવા ચાલુ થઈ શકે તે માટે ખાનગી વાહનો અને વોલ્વોની સેવા શરૂ કરી દેવામાં આવી હતી. એસટી કર્મચારીઓએ આજે હડતાળના સતત બીજા દિવસે આક્રમક વિરોધ પ્રદર્શન કરી પડતર માંગણીઓ નહીં સ્વીકારાય તો આર યા પાર, સરકાર સામે લડી લેવાના મુડમાં હોવાના સાફ સંકેત આપ્યા હતા. અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, અરવલ્લી જીલ્લાના મોડાસા, બાયડ અને ભિલોડા સહિતના અનેક એસટી ડેપોમાં કર્મચારીઓએ એકઠા થઈ વિરોધ પ્રદર્શન કર્યા હતા. સરકાર દ્વારા એસટી કર્મચારીઓની માંગને લઈને હડતાલ રૂપી આંદોલનને તોડી નાખવા ખાનગી બસનો સહારો લેતા કર્મચારીઓમાં ઉગ્ર રોષ ફેલાયો છે. સમગ્ર ગુજરાતમાં વિવિધ કાર્યક્રમો અપાયા હતા.


**ગુજરાત રાજય બાયોટેકનોલોજી મિશન**
બ્લોક નં. ૧૧/૯, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
ફોન. ૦૭૯-૨૩૨૫૨૧૯૭ ઈમેલ: info-btm@gujarat.gov.in
વેબ: www.btm.gujarat.gov.in, https://dst.gujarat.gov.in/

**ટૂંકી મુદતની જાહેરાત**

આથી રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે કે અમારી કચેરીમાં વાહન ભાડે રાખવા માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. વધુ માહિતી માટે **https://gsbtm.nprocure.com** ની મુલાકાત લેવા વિનંતી. ટેન્ડર જમા કરવાની છેલ્લી તા.૦૧/૦૪/૨૦૧૯ બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધીનો છે.

મિશન નિયામક
જીએસબીટીએમ

માહિતી/૩૦૫૩/૧૮-૧૯



**નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં.-૯ વર્ષ ૨૦૧૮-૨૦૧૯**

કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બીલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર - ૩૮૨૦૦૮, ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા આ પ્રકારના કામના અનુભવી ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડરો (ઈટેન્ડરીંગ પદ્ધતિ)થી ભાવો મંગાવવામાં આવે છે. કામની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત રકમ (રૂ.માં) | ૧) બાનાની રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) સમય મર્યાદા<br>૪) બેંક સોલવંશી<br>૫) નોંધણી વર્ગ |
|---|---|---|---|
| ૧ | ઓપરેશન, મેઈન્ટેનન્સ એન્ડ રીપેઈર્સ ઓફ ઓલ સિવિલ, મિકેનીકલ, ઈલેક્ટ્રીક એન્ડ ઈન્સ્ટુમેન્ટેશન વર્ક ઓફ ઓલ પંપીંગ સ્ટેશન એન્ડ એમ.એસ. પાઈપલાઈન ઈન્કલુડીંગ પ્રોપર સપ્લાય ઓફ વૉટર ટુ ઓલ આઉટલેટ્સ અંડર ધી પિયજ ધરોઈ પાઈપલાઈન પ્રોજેક્ટ ઈન્કલુડીંગ ડીસ્ટ્રીબ્યુશશન નેટવર્ક. | ૧૪૦૪૮૭૯૭.૦૦ | ૧) ૧૪૦૫૦૦/-<br>૨) રૂ. ૩૬૦૦/-<br>૩) ૧૨ માસ<br>૪) ૨૮.૧૦ લાખ<br>૫) 'સી' ક્લાસ |

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ કરવાનો સમયગાળો | તા.૨૨/૨/૨૦૧૯ થી તા. ૧૪/૩/૨૦૧૯ ૧૮.૦૦ કલાક સુધી |
| પ્રી-બીડ મીટીંગ | તા. ૫/૩/૨૦૧૯, ૧૨.૦૦ કલાકે (સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮ ગાંધીનગર ખાતે) |
| ફીઝીકલ સબમીશન (ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને અન્ય દસ્તાવેજો | તા. ૧૫/૩/૨૦૧૯થી તા. ૨૦/૩/૨૦૧૯, ૧૮.૦૦ કલાક સુધી |
| પ્રાઈમરી બીડ ઓપનીંગ : | તા. ૨૨/૩/૨૦૧૯, ૧૨.૦૦ કલાકે |
| પ્રાઈસબીડ ઓપનીંગ : | તા. ૨૨/૩/૨૦૧૯, ૧૨.૧૫ કલાકે (જો શક્ય હશે તો) (ફક્ત ક્વોલીફાય થયેલ બીડરો) |

વધુ માહિતી વેબસાઈટ **www.nwr.nprocure.com** પરથી મેળવી શકાશે. કવર પર કામનું નામ તથા ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનો રહેશે.

**માહિતી/૩૦૫૨/૧૮-૧૯**



**મહેસુલ વિભાગ**
**ગુજરાત સરકાર**
**સચિવાલય, ગાંધીનગર**
**(જમીન સંપાદન પુનઃ સ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**
**જિલ્લો : ગાંધીનગર**
**ક્રમાંક :- અમ-૨૦૧૯-૫૬-મ-જગધ-૨૦૧૮-૨૧૪૫-ચતા : ૨૧/૨/૨૦૧૯**

આ સાથે અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે ધરોઈ એક્સટેન્ડેડ કમાન્ડની મહુડી પ્રશાખાની સાંકળ ૯૬૩૦થી ૧૦૫૬૦ મી. વચ્ચેની પ્રોજેક્ટ માટે જરૂરી પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

તેથી ((જમીન સંપાદન પુનઃ સ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનનો ઉપરોક્ત ધરોઈ એક્સટેન્ડેડ કમાન્ડની મહુડી પ્રશાખાની સાંકળ પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

હવે જ્યારે ઉક્ત અનુસૂચિત જમીનમાં સૂચિત પ્રોજેક્ટ, ધરોઈ એક્સટેન્ડેડ કમાન્ડની મહુડી પ્રશાખાની સાંકળ ૯૬૩૦ થી ૧૦૫૬૦ મી. વચ્ચેની પ્રોજેક્ટના જાહેર હેતુ માટે સંપાદન માટેની દરખાસ્ત રજૂ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસુચિ મુજબનો કુલ વિસ્તાર ૦-૦૦-૮૦ હે.આરે.ચો.મી. તે ગાંધીનગર જિલ્લાના હદમાં આવેલ છે.

હવે જ્યારે ઉક્ત માળખાકીય પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ ૦-૦૦-૮૦ હે.આરે.ચો.મી. જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

તેથી સદરહુ અધિનિયમની કલમ-૧૦ (એ) (જમીન સંપાદન પુનઃ સ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ગુજરાત અધિનિયમ-૧૨મો)ની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં ધરોઈ એક્સટેન્ડેડ કમાન્ડની મહુડી પ્રશાખાની સાંકળ ૯૬૩૦ થી ૧૦૫૬૦ મી. વચ્ચેની પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસૂચિમાં સમાવિષ્ટ થયેલ ૦-૦૦-૮૦ હે.આરે.ચો.મી. જમીનને 'સદરહુ અધિનિયમ'ના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

**અનુસૂચિ**

**મોજે : મહુડી-૨** **તા. માણસા** **જી. ગાંધીનગર**

| અ.નં. | જુનો સર્વે નંબર | સર્વે નંબર | સંપાદીત થતી જમીનનું ક્ષેત્રફળ |
|---|---|---|---|
| ૧ | ૩૩૨/૨/અ | ૧૩૧૯ | ૦-૦૦૮૦ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**સહી/-**
**ઉપસચિવ**
**મહેસુલ વિભાગ**
**ગુજરાત સરકાર, ગાંધીનગર**

**માહિતી/હિંમત/૬૩૩/૧૯**